R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 48 DATE: 01-12-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## નોટબંધી વ્યાપક,આકરો,નાણાંકીય આઘાત હતો તેના કારણે આર્થિક વૃધ્ધિ દર ઘટીને ૬.૮ ટકા થઇ ગયો :પુર્વ આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ



નરેન્દ્ર મોદી સરકાર ભલે નોટબંધીને ઐતિહાસિક પગલું ગણાવીને તેના ફાયદા ગણાવતી હોય પરંતુ તેમના જ પુર્વ આર્થિક સલાહકાર આ વાત સાથે સહેજેય સંમત નથી. તેમણે દાવો કર્યો હતો કે નોટબાંધી વ્યાપક,આકરો અને નાણાકીય આઘાત હતો અને તેના કારણે આર્થિક વૃધ્ધિ દર ૬.૮ ટકાએ પહોચી ગયો હતો.

પોતાના પુસ્તક ઓફ કાઉન્સીલ : ધ ચેલેન્જીસ ઓફ મોદી-જેટલી ઈકોનોમી માં મોદી સરકારના પુર્વ આર્થિક સલાહકાર અરવિંદ સુબ્ર્મણ્યમે કહ્યુ છે કે ઊંચા મુલ્યની ચલણી નોટ પર પ્રતિબંધને કારણે અનૌપચારિક ક્ષેત્રને સૌથી વધુ માર પડ્યો હતો.અરવિંદનું પુસ્તક પાંચમી ડીસેમ્બરે બજારમાં આવશે. પરંતુ તે પહેલાં તેના અંશો જારી કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે.મોદી સરકારમાં જ મુખ્ય આર્થિક સલાહકાર રહી ચુકેલા સુબ્રમણ્યમે જુનમાં જ તેમનો હોદ્દો છોડી દીધો હતો. જોકે રુ.૫૦૦ અને રુ૫૧૦૦૦ની ચલણી નોટો બંધ કરતાં પહલાં તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો કે કેમ તે બાબતે તેમના પુસ્તકમાં કોઈ ઉલ્લેખ નથી.

વડાપ્રધાન મોદીએ ૮ નવેમ્બર,૨૦૧૬ના રોજ નોટબંધીના નિર્ણયની જાહેરાત કરી હતી.તેમણે કહ્યુ હતું કે આનાથી સિસ્ટમમાં ભ્રષ્ટાચાર ઘટશે, જો કે તેનાથી તદ્દ્ન વિપરિત ચેપ્ટર ધ ટુ પઝલ્સ ઓફ ડિમોનેટાઈઝેશન-પોલીટીકલ અને ઈકોનોમીકમાં સુબ્ર્મણ્યમે લખ્યું છે કે નોટબાંધી વ્યાપક,આકરો નાણાંકીય આઘાત હતો. એકજ ઝાટકે ચલણમાંથી ૮૬ ટકા ચલણી નોટો પાછી ખેચી લેવામાં આવી હતી. નોટબંધીને કારણે વાસ્તવિક કુલ ઘરેલું પેદાશને અસર થઈ હતી.એ અગાઉ પણ વિકાસ દર ધીમો હતો પરંતુ નોટબંધી પછી ઘટાડાની ગતિ વધુ વેગીલી બની હતી. નોટબાંધી પહેલાના દોઢ વર્ષમાં વૃધ્ધિ દર સરેરાશ આઠ ટકા હતો.પરંતુ નોટબંધી પછીના ૨૧ મહિનામાં તે દર ઘટીને ૬.૮ ટકાએ પહોચી ગયો હતો.સુબ્ર્મણ્યમે ઉમેર્યુ છે કે નોટબંધીને કારણે વિકાસ દર ધીમો પડ્યો તે મામલે કોઈ વિવાદ નથી.પરંતુ ઘટાડાના કદ મામલે ચર્ચા થઈ છે.આ ગાળામાં અન્ય કેટલાક પરિબળો પણ અસર કરી ગયા હતા.જેમાં વાસ્તવિક વ્યાજદર, જીએસટીનો અલમ અને ઓઈલના વધતા ભાવો જેવા કારણો પણ હતા.

પરંતુ પુર્વ આર્થિક સલાહકારે ઉમેર્યુ છે કે નોટબંધી જેવા પગલાંને કારણે અનૌપચારિક ક્ષેત્રને સૌથી વધુ અસર થઈ હતી. આ ક્ષેત્રની આવક પર દબાણ આવે તો તેના ઔપચારિક ક્ષેત્રમાં માંગણીને અસર થશે અને જીડીપી પર આ અસર નોધપાત્ર રહી છે.

જો કે તેમણે લખ્યું છે કે નોટબંધીને કારણે વધુ લોકો રોકડના વ્યવહારોને ઈલેકટ્રોનિક સ્વરુપમાં કરતા થયા છે.

તેમણે નોટબંધીને અભુતપુર્વ પગલું ગણાવ્યુ હતું. જે કોઈપણ દેશ સામાન્ય સંજોગોમાં હાથ ધરતો નથી.અન્ય દેશોએ આ પગલુ તબક્કાવાર અથવા ચલણની કટોકટી અથવા યુધ્ધ અથવા વધુ પડતાં ફુગાવામાં હાથ ધર્યુ હતું. સુબ્રમણ્યમે કહ્યુ હતું કે ગરીબો પર નોટબંધીની વિપરીત અસરોને ન અવગણી શકાય તેવા સામુહિક નુકશાન તરીકે જોઈ શકાય છે.

નોટબંધીએ આર્થિક વિકાસની ગતિ અટકાવનારુ પગલું હતું. અને પરિણામે દેશમાં અર્થવ્યવસ્થામાં ભારે અફરાતફરીનો માહોલ પેદા થયો હતો.

ભાજપાના સાંસદ સુબ્રમણ્ય સ્વામીએ દેશના આર્થિક સલાહકાર તરીકે કામ કરી રહેલા અરવિંદ સુબ્રમણ્યમની હકાલપટ્ટી માટે જાહેર નિવદનો આપેલા તેમજ રિઝર્વ બેન્કના ગર્વનર માટે પણ તેમણે નિવેદનો કરેલા .

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## લોકોને ન્યાય મળે તે જરુરી છેઃ સુનાવણી સ્થગિત થવી જોઇએ નહી : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

ભારતના બંધારણ દિવસની ઉજવણી નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ,કાયદા મંત્રી રવિશંકરની ઉપસ્થિતિમાં કહ્યુ હતું કે કોર્ટમાં સુનાવણી સ્થગતિ થવી જોઈએ નહીં.લોકશાહીમાં લોકોને ન્યાય મળવો જરુરી છે.રાષ્ટ્રપતિ કોવિંદે વધુમાં કહ્યુ કે સમાન તક અને અવસરની સમાનતા ૧૯૪૯માં જરુરી હતી અને આજે પણ છે. સંસદમાં ગતિરોધ પેદા થવો જોઈએ નહીં.ગૃહમાં કામ થવું જરુરી છે.આપણું બંધારણીય દાયિત્વ છે. તેમણે કહ્યુ હતું કે આધાર કાર્ડને લીધે ભ્રષ્ટાચાર અટક્યો છે.સેવાઓ લોકો સુધી પહોચી છે.પરંતુ અંગતતા બાબત હજુ એક સમસ્યા છે.બંધારણ દિવસ નિમિત્તે ઉપસ્થિત રહેલા ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ કહ્યુ કે બંધારણના સુઝાવો પર ધ્યાન આપવું આપણા તમામના હિતમાં છે.અને આવું નહીં કરવાથી અરાજકતા વધશે. બંધારણ વંચિતો- પીડીતોનો અવાજ છે.બંધારણ સંકટ સમયે સતત માર્ગદર્શકની ભુમિકા નિભાવે છે.જસ્ટીસ ગોગોઈએ વધુમાં કહ્યુ હતું કે બંધારણ ભારતના લોકોના જીવનનું અભિન્ન અંગ બની ગયું છે.આ કોઈ અતિશયોક્તિ નથી. અદાલતો રોજ જે પ્રકારે સુનાવણી કરે છે એને લોકોએ જોવી જોઈએ.તેમણે કહ્યુ કે જ્યારે બંધારણ લાગુ કરાયું હતું ત્યારે તેની ટીકા કરાઈ હતી. સર ઈવર જેનિંગ્સે તેને ઘણું મોટું અને આકરુ ગણાવ્યુ હતું.પરંતુ સમયે તેની ટીકાને નબળી સાબિત કરી દીધી છે.જસ્ટીસ ગોગોઈએ કહ્યુ કે અમારુ બંધારણ અમારુ માર્ગદર્શન કરે છે.મુશ્કેલ સમયમાં પણ બંધારણ જ રસ્તો બતાવે છે.

## અમુલના પિતામહ ડો. વર્ગીસ કુરીયનની ગરિમાનું હનન કરતી ટીકા કરતાં દિલિપ સંઘાણીએ સહકારી ક્ષેત્રની ગરિમાને લુણો લગાડ્યો છે

વિશ્વભરમાં જેનું નામ આદરથી લેવાય છે તેવા અમુલના પિતામહ અને શ્વેતક્રાંતિના પ્રણેતા એવા ડો.વર્ગીસ કુરીયનની જન્મજયંતિ નિમિત્તે આરંભાયેલી બાઈક રેલી અમર ડેરી ખાતે પહોચતાં તેના સ્વાગત માટેના કાર્યક્રમમાં ઉપસ્થિત દિલિપ સંઘાણીએ સ્વ કુરીયન પર ધર્માંતરણના આક્ષેપો કરતાં તેમની ભારે આલોચના થઈ છે.ડો.કુરીયન ઉપર ખોટા આક્ષેપો કરીને તેમણે તેમની જ બદનામી કરી છે.વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા ભાજપના નેતા દિલિપ સંઘાણીએ તાજેતરમાં સિંહો અને મગફળીના મામલે પણ આવા કેટલાક નિવેદનો કર્યો હતા.ફરીથી તેમણે ડો. કુરીયન સામે કરેલા આક્ષેપોમાં કોઈ વજુદ નથી.સંઘાણીએ એવું કહ્યુ હતું કે ડો.કુરીયન ફેડરેશનના માધ્યમથી ધર્માંતરણ માટે નાણાં આપતા હતા.અને અમુલના પિતામહ તરીકે તેમને આગળ ધર્યા એ કોગ્રેસની દેન છે.મુળ સ્થાપકને ભુલીને કોગ્રેસે એક અંગ્રેજને અમુલના પિતામહ બનાવ્યા એ ષડયંત્ર હતું તેવા વ્યકત્તવ્યથી સહકારી આગેવાનોએ ભારે આંચકો અનુભવ્યો હતો.

સહકારી ક્ષેત્રે કોગ્રેસે જે કાર્ય કર્યુ છે તેને ભુસી નાંખવાની ભાજપી ચેષ્ટાઓ જાણીતી છે.ભાજપના શાસનમાં સહકારી ક્ષેત્ર કેટલો ભ્રષ્ટાચારનો લુણો લાગેલો છે તે સૌ જાણે છે.અને તેમાં સફાઈ કરવી જરુરી છે.જ્યારે કુરીયનની હયાતી નથી ત્યારે તેમના નિમિત્તે યોજાતા કાર્યક્રમમાં કાદવ ઉછાળવાની વૃત્તિ શોભનીય નથી.પરંતુ સહકારી ક્ષેત્રમાં ઘુસણખોરી કરીને ઘુસી ગયેલા અને બની બેઠેલા નેતાઓ જેમનું કોઈ મહત્વનું યોગદાન નથી તેમને આવા આક્ષેપો કરીને પોતે મહાન છે તેવું દેખાડવાની વૃત્તિ દેશ માટે નુકશાન કારક છે.શું દિલિપ સંઘાણી ડો.કુરીયનની લીટી નાની કરીને તેમની લીટી મોટી કરવાના પ્રયત્નમાં ભુલી ના જાય કે તેમનુ વજુદ શું છે ?

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશને પ્રમાણિકપણે પોતાનું સર્વસ્વ અર્પણ કરનારા કર્મશીલોએ વિશાળ હિતમાં દેશસેવા કરી છે તેમને ભાંડનારી એક જમાત છે અને તેમણે ખાસ કરીને રુપીયા રળવા સિવાય કોઇ યોગદાન દેશ માટે આપ્યું નથી એવા લોકો પોતાને ચઢિયાતા સાબિત કરવા માટે અન્યોની બદબોઇ કરતા રહે છે જેમાં કોઇ દોષ હોતો નથી.ખાસ કરીને છેલ્લા દસ વર્ષમાં દેશમાં કટ્ટરવાદીઓનું વર્ચસ્વ વધવા લાગ્યું અને તેમાં ધર્મનું અફીણ પીવડાવીને તેમણે લોકોને તૈયાર કરવામાં હિદુત્ત્વ કટ્ટરવાદીઓએ કોઇ કસર બાકી રાખી નથી.કેટલાક ઉદાહરણો તરફ નજર કરીએ તો મધર ટેરેસાએ જે કામ કર્યુ છે તે આ કટ્ટરવાદીઓમાંના કોઇએ કર્યુ નથી. તેમણે ગરીબો,વંચિતો અને માંદાઓ માટે પોતાની જાત ખર્ચી નાંખી છે. રક્તપિત્તના દર્દીઓના ઘાવો સાફ કર્યા છે અને તેમને માટે જીવન જીવવા માટે તૈયાર કર્યા છે. એજ રીતે અમુલ એટલે શ્વેતક્રાંતિ અને તેના પ્રણેતાઓ પૈકી ડો.કુરીયન જેમણે સહુ પ્રથમ ખેડા જિલ્લાના ગરીબોને બેઠા કર્યા.નાના ખેડુતો અને ગામડાઓ સધ્ધર થયા અને આ ક્રાંતિ આખા દેશમાં ફેલાઇ ગઇ.પરિણામો આપણા સહુના સમક્ષ છે.આમાં ધર્માતરણ ક્યાં આવ્યું. પરંતુ જેમના ચશ્માનો કલર જ પીળો છે તેમને બધુ પીળું દેખાય છે.


**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


અનુ. પાન નં.૪ નું ચાલુ

આપવા આવ્યો છું.સંદેશો આપવા આવનાર વડાએ મને પુછ્યું કે તમે ખ્રિસ્તી છો છતાં ગુરુજીએ આખા ગુજરાતમાંથી માત્ર તમને જ શા માટે આ રીતે આશીષ પાઠવ્યા?ડો.કુરિયને કહ્યુ કે તેનો ઉત્તર તો ગુરુજી પાસે જ છે. હું આપી શકું તેમ નથી. કેમ કે હું જાણતો નથી.

ડો.કુરિયન ન હોત તો ગુજરાતમાં પશુપાલન આટલું વિકસ્યું ન હોત ને ગાય સહિત દુધાળા ઢોરની કતલ થતી હોત. આટલું રાજનેતાઓ સમજે તોય ઘણું છે. (મણીભાઇ એમ.પટેલ સૌ. સંદેશ)

## મંતવ્ય



કોઇપણ જાતના પરિશ્રમ વગર મોટી સંસ્થાઓમાં ઘુસખોરી કરવી,માલિક બની જવું અને ત્યારબાદ ગમે તેવી ટીકાઓ કરવી એ સંસ્કારનું સિંચન કેટલીક કટ્ટરવાદી સંસ્થાઓના કાર્યકરો નુ છે.તેમણે નોબલ પ્રાઇઝ વિજેતા અમર્ત્યસેન, મધર ટેરેસા કે પછી કુરીયનની સિધ્ધિઓની છીછરી ટીકાઓ કરી છે.પોતાની લીટી મોટી કરવા માટે બીજાની લીટી ભુંસવાનો બેવકુફી ભર્યો પ્રયાસ કર્યો છે. જે નિંદનીય છે.કુરીયને શ્વેતક્રાંતિ માટે કરેલા કાર્યને બિરદાવવું જોઇએ.એના બદલે તેઓ જે ક્ષેત્રમાં ઘુસ્યા છે અને તેમનું એવું કોઇ યોગદાન નથી એવા લોકોની ટીકાનો જવાબ તેમની સંસ્થાઓ ભરપુર પણે આપવો જોઇએ.શ્વેતક્રાંતિના પ્રણેતા ડો.કુરિયનને અમે તેમના કાર્યોને બિરદાવીએ છીએ.

મિતેષભાઇ કે. પટેલ


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ :-** ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ :** ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# રાષ્ટ્રવાદ અને સંગીતને ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી, આ સંદેશો સ્પષ્ટ છે

સંગીતને રાષ્ટ્ર,ધર્મ પ્રદેશ કે ભાષાના કોઇ સીમાડા ન નડવા જોઇએ. સંગીતને મર્યાદામાં બાંધી ના શકાય,તે સમગ્ર માનવતાને ઝંકૃત કરે છે. હિન્દુ કટ્ટરતાવાદીઓએ કર્ણાટકી સંગીતકાર ટી.એમ.ક્રિશ્નાને ભાગ લેવા અટકાવ્યા પછી દિલ્હી કોન્સર્ટ મુલત્વી રાખવી પડી.તેમનો વાંક એટલો હતો કે તેમણે તેમના સંગીતમાં અનેકવાર ખ્રિસ્તી અને મુસ્લીમ થીમનો સમાવેશ કર્યો હતો.ખરેખર, તો આ સર્વ સમાવેશી પ્રયાસ હતો. જેણે હંમેશા ભારતીય સંગીત અને સંસ્કૃતિને જીવંત રાખ્યા છે. શાશક ભાજપ પર આ કટ્ટરવાદીઓનો એવો પ્રભાવ છે કે કોન્સર્ટના સ્પોન્સર સ્પિક મેકે અને એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયાએ કટ્ટરવાદી પરીબળો સામે ઝુકવું પડ્યું. આ તો સાંસ્કૃતિક પાશવતા કહેવાય.

આવા ત્રાસવાદ સામે જવાહરલાલ નહેરુ ચોક્કસ રોષે ભરાયા હોત. પણ રાહુલ ગાંધી અને ડરપોક કોગ્રેસી નેતાઓ તરફથી કોઇ પ્રત્યાઘાત ન આવ્યો કારણ કે સોફ્ટ હિંદુત્વ અપનાવવાની લ્હાયમાં તેમણે નહેરુવાદી બિનસાંપ્રદાયિકતાને તિલાંજલી આપી દીધી છે.સદ્નસીબે દિલ્હી રાજ્ય પર શાસન કરનાર આમ આદમી પાર્ટીએ ક્રિશ્નાને તેમની કોન્સર્ટ માટેવૈકલ્પીક મંચ પુરો પાડવા મદદ કરી.

હિન્દુ કટ્ટરવાદીઓએ અનેક કલાકારોને ઝુકાવી નાંખ્યા છે.પણ ક્રિશ્ના નહીં. ક્રિશ્ના કહે છે કે ટ્રોલ આર્મીને સત્તા પર બેઠેલાઓ શરણ આપે છે. મારી સામાજિક સ્થિતિ, રાજકારણ અંગે મારા વિચાર અને ભાજપ શાસન સામે મારી નારાજગીના મુદ્દે ઘણા લાંબા સમયથી મને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.હું પ્રત્યેક સ્વરુપમાં માનું છું. અલ્લાહ,ઇશુ અને રામ,કોઇ ફરક નથી.આ બહુભાષીય અને બહુ ધાર્મિક દેશ છે. હું ક્રિશ્નાની હિંમતને દાદ આપું છું.કોન્સર્ટ મુલતવી રહ્યા પછી ક્રિશ્નાએ ટ્વિટ કર્યુ, જીસસ પરના કર્ણાટકી કંમ્પોઝીશનના સંદર્ભમાં અનેક લોકોએ સોશિયલ મીડીયામાં વ્યક્ત કરેલી અભદ્ર પ્રતિક્રિયા અને ચેતવણીઓને ધ્યાનમાં લેતાં હું જાહેર કરુ છું કે હું દર મહિને જીસસ કે અલ્લાહ પર એક કર્ણાટકી ગીત રીલીઝ કરીશે.તમામ સંગીતકારો અને કલાકારોએ ક્રિશ્નાના આ વલણને બિરદાવવું જોઇએ.આનાથી આ જ કોન્સર્ટમાં ભાગ લેનાર નર્તકી સોનલ માનસિંહે એક લેખમાં સરકારની તરફેણ કરી હતી. (ભાજપ સરકાર સોનલ માનસિંહને રાજયસભામાં સભ્યપદે નોમિનેટ કરી ચુકી છે એ કોઇ યોગાનુયોગ નથી.)

હિન્દુસ્તાની સંગીતનો વારસો ભવ્ય છે. અને તેના મુળીયા ઉંડા છે.જે અનેક માટે પ્રેરણા સ્ત્રોત્ર છે.સિતાર એ પર્શિયન સિતાર(ત્રણ દોરીવાળું વાદ્ય ) સરોદનું મુળ અફઘાન રુબાબમાં છે અને હાર્મોનિયમનો ઉદ્ભવ એકોર્ડિયનમાંથી થયો છે. એનાથી વાદ્ય કંઇ મુસ્લીમ,ખ્રિસ્તી કે વિદેશી નથી થઇ જતાં.તેઓ હિન્દુસ્તાની સંગીતનો હિસ્સો છે.હિન્દુસ્તાની સંગીત માટે બિસમિલ્લાહખાન અને અમજદઅલી ખાન પણ રવિશંકર કે હરિપ્રસાદ ચોરસીયા જેટલાં જ જરુરી છે પછી તેમનો ધર્મ ગેમે તે હોય.ઉત્તર ભારતીયો કદાચ દક્ષિણ કર્ણાટકી સંગીતની સમાવેશી ક્ષમતાથી માહિતગાર નહીં હોય. શાસ્ત્રીય સંગીતને મહદ અંશે પરંપરાગત અને પરિવર્તન માટે પ્રતિકારક તરીકે જોવામાં આવે છે.પણ બ્રિટિશ રાજમાં શોધાયેલું વાયોલિન કર્ણાટકી સંગીતનું એવું અભિન્ન અંગ બની ગયું છે કે તેના અનુયાયીઓને એમ કહેવામાં આવે છે કે વાયોલિન તો વિદેશી શોધ છે તો તેઓ તોડફોડ કરી બેસે.

જયારે પ્પલાપુ શ્રીનિવાસે કર્ણાટકી સંગીત રચવા મેન્ડોલિનનો ઉપયોગ શરુ કર્યો ત્યારે દક્ષિણ ભારતીય શ્રોતાઓ ખુશ થઇ ગયા હતા. તેઓ મેન્ડોલીયન શ્રીનિવાસના હુલામણા માને પ્રખ્યાત થયા.આજે કાદરી ગોપાલનાથ સેક્સોફોન પર કર્ણાટકી સંગતીના અગ્રણી વાદક છે.હિન્દુ કટ્ટરવાદીઓથી વિપરિત આ સંગીતકારો જાણે છે કે સંગીત અને સંગીતના સાધનોને કોઇ સરહદ નથી.

ભજન અને ભલે હિન્દુ ધર્મનું સંગીત કહેવાયું હોય, પણ મુસ્લીમોએ અનેક સુંદર ભજનો ગાયા છે.મોહમંદ રફી સર્વકાલીન ભજન ગાયકોમાંના એક હતા. કદાચ ફિલ્મના ઇતિહાસનું સૌથી પ્રસિધ્ધ ભજન ઓ દુનિયાકે રખવાલે(બૈજુ બાવરા)છે. તેનું સંગીત નૌશાદઅલીએ કંમ્પોઝ કર્યુ હતું. શકીલ બદાયુનીએ લખ્યું હતું. અને રફીએ ગાયું હતું. આ ત્રણ મુસ્લીમોએ તૈયાર કરેલુ ભજન હિન્દુઓ ખુબ ભક્તિભાવથી ગાય છે કારણ કે સંગીતને કોઇ સીમા,બંધનો નડતા નથી.

૫૦ ના દાયકાની ફિલ્મ અમરનું ગીત ઇન્સાફ કા મંદિર હે મારુ મનગમતુ ભજન છે.આગીતનું સંગીત પણ નૌશાદઅલીએ કંમ્પોઝ કર્યુ હતુ. શકીલ બદાયુનીએ લખ્યું હતુ અને રફીએ ગાયું હતું. વળી ફિલ્મના નિર્માતા મહેબુબખાન, ત્રણેય મુખ્ય કલાકારો દિલિપકુમાર(યુસુફ ખાન)મધુબાલા(મુમતાઝ જહાં) અને નિમ્મી(નવાબ બાનો) પણ મુસ્લીમ હતા.શું આ કારણોસર ભજનની ગુણવત્તા પર કોઇ અસર પડી.ના આ ગીતો ફરી એ પુરવાર કરે છે કે સંગીત કોઇ વાડામાં બંધાયેલું હોતું નથી. સંસ્કૃતિના કટ્ટર ઠેકેદારો આપણને હિન્દુ કટ્ટરવાદ ના તાલે નચાવવા માંગે છે.દર વર્ષે ૨૯ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં વિજય ચોક પર યોજાતો બિટિંગ રિટ્રીટ એ દેશનો સૌથી રાષ્ટ્રવાદી સંગીત કાર્યક્રમ છે. જેમાં સશસ્ત્ર દળો ભાગ લે છે. દે વર્ષે આ બેન્ડ કવિ ઇકબાલે લખેલું સારે જહાંસે અચ્છા વગાડે છે.તેઓ એબાઇડ વીથ મી પણ વગાડે છે.જે ગાંધીજીનું ફેવરીટ ખ્રિસ્તી ગીત છે.સંદેશો સ્પષ્ટ છે કે રાષ્ટ્રવાદ અને સંગીતને ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી.

સ્વામીનાથન એસ.ઐયર
(સૌજન્ય સંદેશ)


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# સંગીતને રાષ્ટ્ર,ધર્મ, પ્રદેશ કે ભાષાના કોઇ સીમાડા ન નડવા જોઇએ

# એચ ૧-બી ધારકના જીવનસાથીની વર્ક પરમિટ ચાલુ રખાવવા માટે યુએસ કોંગ્રેસમાં બે સાંસદો બીલ લાવ્યા

અમેરિકામાં આવેલા એચ૧-બી વિઝાધારકના જીવનસાથીને આપવામાં આવેલી વર્કપરમીટ ટ્રમ્પ સરકાર રદ કરવા માંગે છે.તેથી ટ્રમ્પને આવી વર્કપરમિટ રદ કરતાં રોકવા માટે અમેરિકાની સંસદમાં બે સાંસદો દ્વારા બિલ લાવવામાં આવ્યું છે.અમેરિકા એચ ૧-બી વિઝાધારકના જીવનસાથીને એચ-૪ વિઝા આપે છે. અને તેમને આપવામાં આવેલી વર્ક પરમિટ પર તે અમેરિકામાં જોબ કરી શકે છે.

આવા એચ ૧-બી અને એચ-૪ વિઝાધારકોમાં સંખ્યાબંધ ભારતીયોનો સમાવેશ થાય ચે. જો તેમને અપાયેલી વર્કપરમિટ રદ કરાય તો અનેક પરિવાર વિખુટા પડી જવાની ભીતી સેવાય છે. આ ઉપરાંત ટ્રમ્પ સરકારના આ પગલાંથી અનેક વિદેશી કર્મચારીઓને તેમની કુશળતાનો ઉપયોગ અમેરિકન બિઝનેસ સામે સ્પર્ધા કરવા ફરજ પાડી શકે છે તેમ બિલ રજુ કરનાર બે સાંસદો અન્ના જી ઇસુ અને ઝોયે લોફ ગ્રેને કહ્યુ છે.આ બંને સાંસદો એચ-૪ એમ્પ્લોયમનેટ પ્રોટેકશન એકટ સંસદમાં લાવવાની ધારદાર રજુઆત કરી છે.યુ.એસ.માં ઓબામા સરકાર દ્વારા એચ ૧ બી વિઝાધારકના જીવનસાથીને વર્કપરમીટ આપીને યુએસ કંપનીઓમાં જોબ કરવાની પરવાનગી અપાઇ હતી.

એચ ૧બી વિઝાધારકના જીવનસાથી કે ખુબજ નિકટના પરિવારના સભ્યને એચ-૪ વિઝા અપાય ચે. અને તેઓ વર્કપરમીટ મેળવીને અમેરિકામાં જોબ કરી શકે છે. એચ-૪ વિઝા શરુ કરવામાં આવ્યા પછી ભારતની ૧ લાખ મહિલાઓથી વધુ મહિલાઓને ત્યાં વર્ક પરમિટ અપાઇ છે. જેને કારણે અમેરિકામાં સ્પર્ધા વધી છે અને એચ ૧બી વિઝાધારકોનો આર્થિક બોજો ઘટ્યો છે.તેમ બંને સાંસદોએ કહ્યુ હતું. એચ -૪ એમ્પ્લોયમેન્ટ પ્રોટેકશન એક્ટ ટ્રમ્પ સરકારને આવા મહત્વના એચ૧બી વિઝાધારકના



જીવનસાથીને અપાતી વર્કપરમીટ રદ કરતાં રોકશે અને એચ-૪ વિઝાધારકના અમેરિકામાં કામ કરવાના અધિકારનું રક્ષણ કરશે.આને કારણે પરિવારોમાં એકતા જળવાશે અને પરિવારો તુટતાં બચશે તેમ ઇસુએ જણાવ્યુહતું.જો વર્કપરમિટ રદ કરાશે તો અનેક વિદેશી પરિવારોમાં ભાગલા પડશે અને તેમને પોતાના વતન પાછા જવાની ફરજ પડશે. તેઓ ત્યાં જઇને અમેરિકનોના બિઝનેસ સામે સ્પર્ધા ઉભી કરશે.

# ચુંટણી પંચ,ન્યાયતંત્ર,કેગની વિશ્વસનીયતા સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો : પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી



છેલ્લા ૭૦ વર્ષથી આપણે સંસદીય લોકશાહીને સારી પેઠે સ્થાપિત કરવામાં સફળ રહ્યા છીએ. ન્યાયતંત્ર,ચુંટણીપંચ,કેગ સહિતની ભારતની સ્વતંત્ર સંસ્થાઓને આપણી પોલીટીકલ સિસ્ટમને સપોર્ટ કરવી જોઇએ,તેઓ આજે ગંભીર દબાણમાં આવી જતાં તેમની વિશ્વસનીયતા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. તેમ તેમણે આઇ.આઇ.એમ અમદાવાદ ખાતે આર્ટીક્યુલેટીંગ પોલીસી એન્ડ ઇન્સ્ટીટ્યુશનલ એજન્ડા ફોર ફ્યુચર ટ્રાન્સફોર્મેશન ઓફ ઇન્ડીયા વિષય પર લેકચર કરતાં પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ જણાવ્યુ હતું.

પબ્લીક પોલીસી ફોર ઇન્કલુઝિવ ડેવલપમેન્ટ કોર્સ અંતગર્ત અમદાવાદના મહેમાન બનેલા પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી સમક્ષ સ્ટુન્ડટે પોતાના વિચારો રજુ કર્યા હતા જેમને આવકારી દેશના વિકાસમાં મદદરુપ થાય તેવા ગણાવ્યા હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતું કે કોઇ પણ વાત પર ચર્ચા વિચારણા કરવા કે કોઇ પણ ખરડો પસાર કરવા માટે ઉડી ફોર્મ્યુલા જેમાં ડિબેટ,ડિસ્કશન અને ડીસિઝનને બદલે સંસદ કોમ્બેટ થાય છે તેને ખોરવી દેવાના પ્રયાસો કરવામાં આવે છે. સંસદમાં એક પણ બિલ કે ખરડો પારસ્પરિક સંમતિ કે એકેડવેટ ડિબેટથી પસાર થતો નથી જે ચિંતાજનક બાબત છે.સંસદ આજે ડિબેટ કરવાને બદલે યુધ્ધનું મેદાન બની ગયું છે.લોકશાહી સંસ્થા જ જો અંડર પ્રેશર કામ કરતી હોય તો એ ગંભીર બાબત છે.

# ચુંટણીમાં ઉમેદવારે પોતાના ગુનાઓ ટીવી ચેનલમાં પ્રસારિત કરવા પડશેઃ જસદણ લોકસભા ચુટણીથી આ નિયમ અમલી બનશે

લોકસભા-વિધાનસભા ચુંટણીઓમાં ઉમેદવારી કરનાર નાગરિકે પોતાની સામે નોધાયેલા ગુના,સજાની હકીકતો પોતાના મતદારો સમક્ષ જાહેર કરવી ફરજીયાત થઇ પડશે.તેના માટે ટીવી ચેનલો અને અખબારોમાં બાકાયદા જાહેરાતો આપીને મતદારોને જાણ કરવી પડશે તેમ ભારતના મુખ્ય ચુંટણી પંચ દ્વારા કહેવાયું છે.

ચુંટણીમાં ઉમેદવારી પત્ર સાથે જ ઉમેદવારને પોતાના સોગંદનામામાં ફોજદારી કેસો,દેવું, મિલકત, શૈક્ષણિક લાયકાત જાહેર કરવાની હોય છે. અત્યાર સુધી ચુંટણી અધિકારી અને પંચની વેબસાઇટ પર ઉપલબ્ધ રહેતુ આ સોગંદનામાની હકીકતો ઉમેદવારે ઉમેદવારી પત્ર પાછું ખેચવાની છેલ્લી તારીખથી ચુંટણીના બે દિવસ પુર્વેના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછી ત્રણ વખત ટીવી ચેનલો મારફતે અલગ અલગ ત્રણ દિવસ નિયત કરેલા સમયે પ્રસિધ્ધ કરવાની રહેશે.એટલું જ નહીં,બહોળો ફેલાવો ધરાવતા સમાચાર પત્રોમાં તેની પ્રસિધ્ધિ કરવાની રહેશે.તેની નકલો ચુંટણી અધિકારને ખર્ચના હિસાબો સાથે રજુ કરવાની રહેશે.

ભાજપ-કોગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારો સામેના ફોજદારી કેસોની જાણ હોવાની ચુંટણી પંચ સમક્ષ જાહેર કરવું પડશે.એટલું જ નહી પોતાના પક્ષની વેબસાઇટ ઉપર પણ તેનો બહોળો ફેલાવો કરવો પડશે.

એફઆઇઆરમાં દર્શાવેલા આરોપો અંગે અખબારોમાં પણ જાહેર ખબર દ્વારા કબુલાત કરવી ફરજીયાત રહેશે.આમ ચુંટણીમાં ઉમેદવારો માટે કડક કાયદાની નજરમાંથી પસાર થવું પડશે. જો કે આમાંથી રસ્તાઓ શોધી કાઢવા માટે રાજકીય પક્ષો અને ઉમેદવારો નવા નવા હથકંડા અપનાવશે તેમાં લગીરે શંકા નથી પરંતુ ખોટા લોકો પકડાઇ જશે તો પ્રજાને ફરીથી ઉમેદવાર નક્કી કરવો પડશે.

## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઇટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.

૧૯૨૭માં આવેલી સાઇલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

# કેન્દ્રીય વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ ૨૦૧૯ની લોકસભાની ચુંટણી નહીં લડે

ભાજપના સિનિયર નેતાઓ પૈકીના એક કેન્દ્રીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે ૨૦૧૯ની લોકસભાની ચુંટણી નહી લડવાની જાહેરાત કરતાં રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થવા પામી છે.ભાજપને તેમના આ નિર્ણયથી આંચકો લાગ્યો છે.

તેમણે મધ્યપ્રદેશમાં ચુંટણી પ્રચાર દરમિયાન પત્રકારોને આ વાતથી માહિતગાર કર્યા હતા.આ પગલાં પાછળનું કારણ તેમનું આરોગ્ય અંગેનુ છે.ઇન્દરોમાં ૬૬ વર્ષીય સુષ્મા સ્વરાજે જણાવ્યુ હતું કે ચુંટણી લડવાની કે નહી તે પાર્ટી નક્કી કરે છે. પરંતુ મે આગામી ચુંટણી નહીં લડવાનું મન બનાવી લીધું છે. આ વાતની જાણ પાર્ટીને કરી દેવાઇ છે.છેલ્લા એક વર્ષથી તેઓ ચુંટણીને લગતી મીટીગ્સમાં હાજરી આપતા નથી. તેઓ સક્રીય નથી તેવી ટીકાઓનો તેમણે ખુલાસો કર્યો હતો. કીડનીની સમસ્યાને કારણે હું એક વર્ષથી સક્રિય નથી.

સુષ્મા વિદિશાથી સાંસદ તરીકે ચુંટાયેલા છે.પાર્ટીની ઉચ્ચ નેતાગીરી સાથે તેમના સબંધોને કારણે તેમને ઘણી મુસીબત સહેવી પડી છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# ડો. કુરીયનથી ખ્રિસ્તીઓ કરતાં હિંદુઓને વધારે ફાયદો થયો છે




ગુજરાતના એક પીઢ સહકારી અગ્રણી,રાજયના પુર્વ મંત્રી અને પુર્વ સાંસદે મિલ્ક ડે નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં કહ્યુ કે ડો.કુરીયન ધર્મપરિવર્તન માટે અમુલમાંથી નાણાં આપતા હતા ને ધર્મપરિવર્તન કરાવતા હતા.તેમણે એમ પણ કહ્યુ કે તેમણે અમુલના સ્થાપક,સરદાર પટેલ અને ત્રિભુવનદાસને સાઈડમાં કર્યા હતા.અને અંગ્રેજી અખબારોએ તેમને હીરો બનાવ્યા હતા. સત્તાધારી પક્ષના આ અગ્રણી આમ તો પાર્ટીલાઈનથી ઉપર ઉઠીને ખેડુતોના પ્રશ્નો ઉઠાવવા માટે જાણીતા છે.એટલા જ વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા છે.

ડો.કુરીયન અમુલ, ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, એનડીડીબી અને ઈરમા જેવી સંસ્થાઓના સ્થાપક પૈકીના એક મુખ્ય સંસ્થાપક હતા.અમુલ અને મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના વર્તમાન પ્રમુખ અને વર્તમાન મેનેજીંગ ડીરેકટર બંનેએ વર્ષો સુધી ડો.કુરીયન સાથે કામ કર્યુ છે અને તેમના સહયોગી રહ્યા છે.બંનેના ઘડતરમાં ડો.કુરીયનનાં યોગદાનને નજરઅંદાજ કરી શકાય નહીં.અમુક કે ફેડરેશનમાંથી ડો. કુરીયન ખ્રિસ્તી મિશનરીઓને ભંડોળ આપતા કે નહીં તે વાતની સ્પષ્ટતા ડો.કુરીયન વર્ષો સુધી આજીવન જેના સમર્પિત મોભી રહ્યા તેમણે કરવી જોઈએ અને આ બંને સંસ્થાઓની આ ફરજ તથા જવાબદારી છે, કેમકે ડો.કુરીયન સ્પષ્ટતા કરવા હયાત નથી અને તેમના અવસાન બાદ આવો આક્ષેપ કરવામાં આવ્યો છે.એક રાજકીય આગેવાને કરેલી વાત સાચી છે કે ખોટી તેની સ્પષ્ટતા થાય તે જરુરી છે.કેમકે મધર ટેરેસા જેવા સેવાવ્રતી સામે પણ આવા આક્ષેપો ભુતકાળમાં કરાયા હતા.અમર્ત્ય સેનને નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે તેમનો પણ ધર્મના વિવાદમાં સંડોવામાં આવ્યા હતા.એટલે ડો.કુરીયનના મુદ્દે તેમની માતૃસંસ્થાઓની સ્પષ્ટતા કે ખુલાસાની રાહ જોવી રહી. કેમકે સહકારી અગ્રણીએ તો ત્યાં સુધી કહ્યું કે તેમને આ જ કારણસર હોદ્દા પરથી દુર કરવામાં આવ્યા હતા.બંનેટોચની સહકારી સંસ્થાઓ હોવાથી તેમના ઓડીટેડ હિસાબો હશે એટલે વિગતો મેળવવાનું અઘરું નથી.

બીજી વાત એ આવે કે ડો.કુરીયને સરદાર પટેલ અને ત્રિભુવનદાસને સાઈડમાં કર્યા હતા. આ બે મહાપુરુષોને સાઈડમાં કરવાનું ડો.કુરીયનનું ગજું શું ? પીઢ ગાંધીવાદી કામદાર નેતા સ્વ અરવિંદભાઈ બુચ સાથે ૧૯૭૮ થી ૧૯૮૫ સુધીમાં અનેક વાર અમુલના ગેસ્ટહાઈસમાં ડો.કુરીયન અને ત્રિભુવનદાસને મારે રુબરુ મળવાનું થયું છે. ત્રિભુવનદાસનો હાથ પકડીને સભા-મીટીંગોમાં આવતાં વિવેકી ડો.કુરીયનને મે નજરે અનેક વાર જોયા છે.ખાનગી કંપનીની નોકરી છોડીને બિસ્તર બાંધીને વતનમાં જવા આણંદ છોડનાર ડો. કુરીયનનું મન ત્રિભુવનદાસે બદલ્યું હતું એ પછી તો ડો.કુરીયન સવાયા ગુજરાતી બનીને આજીવન ગુજરાતને સમર્પિત રહ્યા. એક વાર આંધ્ર પ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી એન.ટી.રામારાવે ડો. કુરીયનને કહ્યુ હતું કે તમે આંધ્ર પ્રદેશ આવો ને ગુજરાત જેવી યા તો તેથી વધુ સગવડો આપીશું.ગુજરાત જેવી શ્રેત ક્રાંતિ અમારે ત્યા પણ સર્જો.ત્યારે ડો.કુરિયને કહ્યુ હતું કે તમે સગવડો આપીને ડો.કુરીયન મેળવી શકશો પણ તમે આંધ્ર પ્રદેશમાં મને એક ત્રિભુવનદાસ આપી શકશો ? એનો સીધો અર્થ થાય કે ડો.કુરીયન હંમેશા ત્રિભુવનદાસ પ્રત્યે આદરભાવ અને સન્માનની લાગણી દાખવી છે.એક વાર ડો.કુરીયનો કહેલું કે અમે દરિયામાંથી સેકડો કુરીયન પેદા કર્યા પણ એક ત્રિભુવનદાસ પેદા કરી શક્યા નથી.ફિલ્મ નિર્માતા અમૃત નાહટાને ડો.કુરીયને કહેલું કે અમુલ જેવી ડેરી કરવા બીજા કુરીયન મળી રહે પણ બીજા ત્રિભુવનદાસ ક્યાંથી મળે ? ડો. કુરીયન કહેતા કે હી વોઝ એ મેન ઓફ ઈન્ટીગ્રેટી.આજે હજારો ગરીબોનો લાભ મળે છે તે ત્રિભુવનદાસ ફાઉન્ડેશનની રચનાના પાયામાં ડો.કુરીયન હતા. ત્રિભુવનદાસના આગ્રહથી આણંદમાં રોકાયેલા ડો. કુરિયને રોકતાં પહેલા ત્રિભુવનદાસને નતો પગાર પુછ્યો કે ન તો સગવડો. આવા ડો. કુરીયનને ત્રિભુવનદાસને સાઈડમાં કર્યા તેમ કહેવું તેમને ભારોભાર અન્યાય કરવા બરાબર છે.

ડો. કુરીયન ખ્રિસ્તી મિશનરીઓને ભંડોળ આપતા કે કેમ તેની માહીતિ મારી પાસે નથી પણ ખ્રિસ્તી મિશનરીઓ ભારતના ગરીબો, ગ્રામીણો અને આદીવાસીઓ માટે જે કામ કરે છે તે ભારતમાં કેટલા કરતાં હશે? આપણેઆ કામ કર્યુ હોત તો આજે ગરીબી,અનારોગ્ય,કે નિરક્ષરતા ન હોત. મધર ટેરેસા હોય કે ડો.કુરીયન અંતે તો જે ગરીબોની સેવા કરી છે તે મોટાભાગના હિંદુ કે ભારતીયો હતો.જે લાખો દુધ ઉત્પાદકોનું જીવન બદલ્યું તે મોટાભાગના પશુપાલકો ભારતીય અને વિશેષ હિંદુઓ છે.ડો.કુરીયનની કામગીરીથી સૌથી વધુ ફાયદો ખ્રિસ્તીઓને નહીં,હિંદુ ભારતીયોને થયો છે.ડો.કુરિયને દેશના કોઈ પશુપાલકને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા કદી કહ્યુ હોય તેવું જાણમાં નથી.તેમણે પશુપાલકોના કલ્યાણનું કામ ખ્રિસ્તી મિશનરીનો બદલે ત્રિભુવનદાસ ફાઉન્ડેશન રચીને તેને સોપ્યું.ગરીબોના દિલ સુધી ખ્રિસ્તી મિશનરીઓ કેમ પહોચી શકે તેની આત્મખોજ કરવાની જરુર છે.

ડો.કુરીયન કહેતા કે હું સરકારનો નહીં પણ ખેડુતોનો નોકર છું.તેઓ નિવૃત થયા ત્યાં સુધી ૬૦ વર્ષ સુધી માત્ર રુ.૫૦૦૦ માસિક વેતન લેતા હતા અને નિવૃત્તિ બાદ ટોકન એક રુયીયો લેતા હતા.આવો નખશિખ પ્રમાણિક માણસ આજના સહકારી આગેવાનોમાં દીવો જઈને શોધવા જવુંપડે. નહેરુથી ડો. મનમોહનસિંહ સુધીના વડાપ્રધાનો તેમનો આદર કરતા ને તેમના કાર્યમાં સહાયભુત થતાં ડો.કુરિયને ધાર્યુ હોત તો રાજકારણમાં ઉંચા પદ માટે જઈ શકયા હોત પણ તેમણે આણંદ ન છોડ્યું.ડો.કુરિયન મધર ટેરેસા,અમર્ત્યસેન કે ઈલાબેન ભટ્ટ જેવા ઘરઆંગણાના રત્નોની કદર પહેલા વિદેશી સન્માનોથી થઈ છે.પછી ભારતીય સરકારી સન્માન તેમને મળ્યા છે.

ગુજરાતના રાજકારણીઓને ડો.કુરિયન વર્ષ ૨૦૦૦ પછી ઓછા ગમતા હતા. ડો. કુરિયમ જેવી વિશ્વવિભુતિને સવાયા ગુજરાતીના અવસાન ટાણે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી આણંદથી નજીકના શહેરમાં હોવા છતાં ત્યાં પુષ્પાજંલિ અર્પવા જવાનું યોગ્ય લાગ્યું નહોતું. ડો. કુરિયનો ત્રિભુવનદાસ માનાસિંહભાઈ,ગલબાભાઈ, ભુરાભાઈ અને મોતીભાઈ જેવા સંનિષ્ઠ રાજકારણીઓ સાથે કામ કર્યુ પણ વર્ષ ૨૦૦૦ પછીના નેતાઓ સાથે તેમનો પનારો બરાબર ના પડ્યો.ડો.કુરીયન હતા ત્યાં સુધી દુધની સહકારી પ્રવૃત્તિનું સરકારીકરણ તેમણે થવા દીધું નહોતું. તેમના સમયમાં સમકક્ષ ને પ્રમાણિક રાજનેતાઓ જિલ્લા દુધસંઘોના અધ્યક્ષ હતા છતાં કોઈએ ડો.કુરીયનનો વિરોધ સુંધ્ધા કર્યો નહોતો કે તેમને પદ પરથી હટાવવા કદી પ્રયાસ કર્યો નહોતા.ડો.કુરિયનને પદ પરથી હટાવ્યા બાદ ફેડરેશન અને સંઘોના હોદ્દેદારોની વરણી સત્તાપક્ષના આગેવાનો નક્કી કરે છે.કુરીયન હતા ત્યાં સુધી કોઈ રાજકીય પક્ષ કે નેતા તેમની સહકારી પ્રવૃત્તિમાં હસ્તક્ષેપ કરવાની હિંમત કરતા નહોતા.એટલે જ તેમને હટાવવાની રાજકારણીઓને જરુર પડી.

૧૯૬૭માં ભારત સરકારે ગૌરક્ષા અંગેની એક સમિતિમાં ડો.કુરિયનને પણ સભ્ય બનાવ્યા હતા.આ સમિતિમાં પુરીના શંકરાચાર્ય અને આરએસએસ સંઘના વડા ગોલવલકર પણ હતા. અને ગાયો અંગે તેમના મંતવ્યોમાં વિચારભેદ હતો. ડો.કુરિયન માનતા કે ઉપયોગી ગાયની કતલ ન થવી જોઈએ પણ રોગી ગાયોની કતલ સામે તેમને વાંધો નહતો.તેઓ માનતા કે આવી ગાયો દુર કરવાથી ડેરી ઉદ્યોગને પ્રાપ્ત સાધનોનો ઉપયોગ તંદુરસ્ત અને ઉત્પાદનક્ષમ પશુધન ઉભુ કરવામાં થઈ શકે.કમિટિના સભ્યો તરીકે નિયમિત મળવાને કારણે આરએસએસના ગોલવલકર અને ડો.કુરિયન વચ્ચે વૈચારિક મતભેદ વચ્ચે પણ ગાઢ મિત્રતા બંધાઈ હતી.ડો.કુરીયને તેમની આત્મકથામાં નોધ્યું છે કે લોકોનો આક્ષેપ હતો કે ગાંધીજીની હત્યાના આયોજનમાં ગોલવલકરનો હોથ હતો પણ કોણ જાણે એ વાત મારા ગળે ઉતરતી નહોતી.મારે મન તેઓ એક પ્રમાણિક સ્પષ્ટ વક્તા માણસ હતા.જો તેઓ કહેવાતા હિંદુ ઉદામવાદી હોત તો કદાપિ તેઓ મારા મિત્ર ન બની શક્યા હોત.

ડો.કુરિયનો નોધ્યું છે કે ગોલવલકરના અવસાન પછી ગુજરાત આરએસએસના વડા મને મળવા આણંદ આવ્યા હતા. ગુરુજીએ તેમના અવસાન પહેલાં દેશની રાજ્ય શાખાના વડાઓને પુના બોલાવ્યા હતા.તેમાં આ ગુજરાતના વડા પણ હતા.તેમણે મને આવીને કહ્યુ કે તમે ગુજરાત જાવ ત્યારે જરુર આણંદ જજો અનો કુરીયનનો મારા આશિષ આપજો. તેમનો આ સંદેશો હું તમને

અનું પાન નં.૨ ઉપર

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.